
માર્ચ – ૨૦૦૯



**કીધું અધિક ગઢપૂર,**
**સાત પુરી ચાર ધામથી જો ;**
**પ્રેમાનંદ કહે યમ દુત,**
**ભાગે ગોપીનાથ નામથી જો.**


# શ્રી સ્વામિનારાયણ ધર્મસિધ્ધાંત

વર્ષ : ૨૭ - સળંગ અંક : ૩૨૩
માર્ચ - ૨૦૦૬

**: સંચાલક તંત્રી :**
કોઠારી શા.સ્વા.ઘનશ્યામવલ્લભદાસજી
શ્રી ગોપીનાથજીદેવ મંદિર
ગઢડા (સ્વામિના.)

**: વાર્ષિક સભ્ય પદ :**
રૂપિયા ત્રીસ

**: આજીવન સભ્ય પદ :**
રૂપિયા ત્રણસો

**: વિદેશમાં આજીવન સભ્ય પદ :**
બે હજાર

**: છુટક નકલ :**
રૂપિયા ત્રણ

**: પત્ર વ્યવહારનું સરનામું :**
શ્રી સ્વામિનારાયણ મંદિર મુખ્ય
ગઢડા - ૩૬૪૭૫૦

**ફોન:૨૫૨૮૦૦/૨૫૨૯૦૦**


# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | પાના નં. |
|---|---|---|
| ૧ | કિર્તન -ધન્ય ઉત્તમ દરબાર | ૨ |
| ૨ | દુર્ગપુર માહાત્મ્ય | ૩ |
| ૩ | બ્રહ્મરાક્ષસ - ૧૨ | ૫ |
| ૪ | પ્રેમીભક્ત મૂળજી ભાવસાર | ૬ |
| ૫ | ભુખ ભાંગી ભૂધરે | ૧૧ |
| ૬ | વસંત પંચમી | ૧૩ |
| ૭ | અક્ષર મુક્ત ભક્તરાજ દરબારશ્રી દાદાખાચરનું જીવન ચરિત્ર | ૧૪ |
| ૮ | સંસ્થા સમાચાર | ૧૭ |
| ૯ | શ્રી ગોપીનાથજી મહારાજના આખા થાળની યાદી | ૧૯ |
| ૧૦ | માહે-જાન્યુઆરી-૦૬માં શ્રીગોપીનાથજીમહારાજ નો થાળ તથા ત્યાગી સંતો, બ્રહ્મચારી, પાર્ષદોને આપવામાં આવેલ રસોઈના દાતાઓની યાદી | ૨૭ |
| ૧૧ | ચૈત્ર મહિનામાં થનાર અનામત તીથીની રસોઈની યાદી | ૨૮ |


**ગઢપુર ધામનો મહિમાં અને દર્શન માટે ગઢપુર મંદિરની વેબસાઈડ જુવો**
www Gopinathji.com


**માલિક, મુદ્રક તથા પ્રકાશન :** શ્રી સ્વામિનારાયણ મંદિર, ટેમ્પલ મેનેજીંગ બોર્ડ વતી, સદરહું મંદિરના મુખ્ય કોઠારી શ્રી શા.સ્વા. ઘનશ્યામવલ્લભદાસ જી. ગઢડા (સ્વા.) જિ. ભાવનગર,
**ફોન નં. (૦૨૮૪૭) ૨૫૨૯૦૦, ફેક્સ નં. ૨૫૨૮૦૦.**

મુદ્રણ સ્થાન : વૃંદાવન ઓફસેટ (શ્રી ગોપીનાથજી પ્રીં. પ્રેસ), જુના બસસ્ટેશન સામે, બોટાદ રોડ, ગઢડા (સ્વા.) જિ.ભાવનગર

## : અગત્યના સુચનો :

''શ્રી સ્વામિનારાયણ ધર્મ સિધ્ધાંત'' શ્રી સ્વામિનારાયણ મંદિર ગઢપુર મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ દ્વારા પ્રકાશીત થતું મુખપત્ર છે.

''શ્રી સ્વામિનારાયણ ધર્મ સિધ્ધાંત''ભગવાનશ્રી સ્વામિનારાયણના ધર્મ સિધ્ધાંતોના પ્રચાર અને પ્રસારના ઉદેશથી પ્રકાશિત થાય છે.

તમામ હરિભક્તોને આ માસિક પત્રના સભ્ય બનીને આ ધર્મપ્રચારના કાર્યને વેગ આપવા જાહેર અપીલ છે.

તા. ૨૦ સુધીમાં અંક ન મળેતો પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કર્યા બાદ કાર્યાલયને લેખિત જાણ કરવી.

દરેક પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

## : લેખકોને :

**ખાસ નોંધ :- લેખનું લખાણ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખીને મોકલવું.**

લખાણ સંપ્રદાયના માન્ય શાસ્ત્રોના સિધ્ધાંતો અનુસાર હોવું જોઈએ.

°°OO —— °O° —— OO°°

સત્સંગ સમાચારો-સંસ્થા સમાચારો વગેરે જે કાંઈ હોય તે સંક્ષિપ્તમાં અને બનેલ હકિકત આધારે મુદ્દાસર મોકલવા.

# કિર્તન

## ધન્ય ઉત્તમ દરબાર...

ધન્ય ઉત્તમ દરબાર, ધન્ય ઓરડાની ઓસરી જો,
થયો મુક્તિ દાતાર, અખંડ રાજે ત્યાં શ્રી હરિ જો.
ધન્ય.૧

ધન્ય ઓરડી અનુપ, પ્રીતે પોઢે ભગવાન જ્યાં જો,
થઈ અક્ષરસ્વરૂપ, સંત ધારે નિત્ય ધ્યાન ત્યાં જો.
ધન્ય.૨

ધન્ય નિંબવૃક્ષ છાંય, ઘોડી ફેરે હરિ ફરતા જો,
જન તૃપ્ત નવ થાય, ધન્ય દરશન કરતા જો.
ધન્ય. ૩

ધન્ય ધન્ય ધરણીના ભાગ્ય, ધન્ય ગઢપુર ધામને જો,
ધન્ય હરિ જન ગૃહ ત્યાગ, નિત્ય નિરખે ઘનશ્યામને જો.
ધન્ય.૪

ધન્ય ગઢપુરના લોક, હરિજન નરનારી જો,
થયા સર્વે અવિશોક, નિરખ્યા ગિરધારી જો.
ધન્ય...૫

ધન્ય પૂજા કરી પ્યાર, ધર્મકુંવર સુખકંદનેજો,
પ્રીતે પહેરાવ્યા હાર, ધન્ય ધન્ય પ્રેમાનંદને જો.
ધન્ય.૬







# ગઢપુર માહાત્મ્ય

શા.સ્વા. છપૈયાપ્રકાશદાસજી - ગઢપુર(સ્વા.)

**ગતાંકથી શરૂ :-**

તીથીનું આવું માહાત્મ્ય સાંભળી રાજા સ્વામીને પૂછે છે કે મહામુને ! પરમાત્મા શ્રીહરિએ મનુષ્યશરીરને ધારીને આ ગઢપુરમાં આ દરબારગઢના સ્થાનોમાં જે જે દિવ્ય લીલાઓ કરી હોય, ઐશ્વર્યો બતાવ્યા હોય તે મને કહેવા કૃપા કરો. ત્યારે શુકાનંદસ્વામી પ્રભુશ્રીહરિનું હૃદયમાં સ્મરણ કરી કહેવા લાગ્યા કે હે રાજન્ ! તમારો પ્રશ્ન જીવનું અતિહિત કરવા બાબત છે માટે તેને અનુસારે કહું છું હે રાજન્ ! તમારા જેવો પ્રશ્ન દાદાખાચરના પુત્ર અમરાખાચરે ચૈતન્યાનંદ સ્વામીને પૂછેલો હતો અને તેને અનુસારે ચૈતન્યાનંદસ્વામીએ જે પ્રમાણે લીલા ચરિત્રો અને ઐશ્વર્યો કહી બતાવ્યા છે તે જ હું તમને કહીશ. એક વખતે સુખપૂર્વક બિરાજેલા ચૈતન્યાનંદ સ્વામીની પાસે અમરાખાચર આવી હાથ જોડી પૂછવા લાગ્યા કે હે સ્વામિન્ ! શ્રીહરિના રુચિ ઉપજાવનારાં દિવ્યઐશ્વર્યો અને લીલાચરિત્રો કહેવા કૃપા કરો ત્યારે ચૈતન્યાનંદસ્વામી કહેવા લાગ્યા ।।૨૦।।

શ્રીચૈતન્યાનંદસ્વામી કહે છે હે રાજન્ ! શ્રીહરિના એકાંતિક ભક્ત અને વ્યવહારમાં અતિકુશળ એવા લાધાઠક્કર નામે તમારા પિતાનાં મંત્રી હતા. ગઢપુરમાં પૂર્વ દિશા તરફના ભાગમાં દાદાખાચરના ભાગની જમીનમાં રાજદરબારગઢની પડખે જ તે લાધાઠક્કરને રેહવા માટે જ એક ઓરડો કરાવ્યો હતો. અને તેનું વેદોક્ત વાસ્તુકર્મ કરાવી તેમાં લાધાઠક્કર અને તેની માં વગેરેને કુટુંબે સહિત વસાવ્યા હતા. અને તે ભક્તોને ત્યાં [illegible] આવ્યા [illegible] ના દર્શન કરાવ્યા હતા. અને પાછા એ સ્વરૂપો શ્રીહરિમાં લીન થઈ ગયા. આવું ઐશ્વર્ય બતાવ્યુ છે. ઉત્તરદિશા તરફ દ્વારોવાળા એવા તે ઓરડામાં અત્યારે બાવાખાચરના દીકરી માકુબા રહે છે, અને તેની જોડેનો છેલ્લો ઓરડો લાધાઠક્કરનો છે. તેની ઓસરીમાં કોમળ ગાદી તકીયાએ યુક્ત કોમળ મખમલના ઓછાડે ઓછાડેલ, કાષ્ટની મોટી પાટ ઉપર બિરાજ્યા હતા. તે વખતે સુરતથી ભક્તજનોનો સંઘ દર્શને આવેલ. તેને પ્રભુએ દર્શન આપ્યા. અને અદ્‌ભુત ઐશ્વર્ય પણ બતાવેલ છે. વળી તે ઓરડાથી પશ્ચિમ તરફના ઓરડામાં શ્રીહરિ સ્વતંત્ર હોવા છતાં મનુષ્ય લીલાને કરતા પ્રભુ કયારેક કયારેક ગુપ્ત વાસ

કરતા હતા. તે વખતે કુરજીઠક્કર નામના ભક્તને આશ્ચર્યકારી દર્શન આપ્યું હતું. અને તે ઓરડાની આગળ સપાટ આંગણામાં ભક્તોની સભામાં વિરાજતા હતા. વળી રમણીય એવા આ રાજદરબારગઢથી ઉત્તરદિશા તરફ જે દુકાનોવાળો માર્ગ છે તેનાથી પૂર્વમાં તમારા પિતાના મામા ઘેલાધાધલના ઓરડા હતા. તેમાં સત્પતિ એવા શ્રીહરિ હરતા ફરતા હતા, અને આસન ઉપર બિરાજતા હતા. હે રાજન્ ! શ્રીહરિના પરમભક્ત એવા તમોએ હર્ષપૂર્વક આચાર્યશ્રીભગવતપ્રસાદજી મહારાજને તમારો રાજદરબારગઢ અર્પણ કરેલ છે. તે સિવાય પૂર્વદિશા તરફ દ્વારોવાળા અને પશ્ચિમદિશા તરફ દ્વારોવાળા ઓરડાઓ હતા ત્યાં તમે દરબારગઢ કરાવેલો છે. હે રાજન્ ! તે ઓરડાવાળા વિશાળ ચોકમાં મોટો લીંબતરૂ રહેલો છે. તેનાથી દક્ષિણદિશામાં કુવો છે. તે લીંબડાવાળા ચોકમા શ્રીહરિ પોતાના આસને બિરાજતા હતા. તે વખતે સાક્ષાત્ સુર્યનારાયણ શ્રીહરિના દર્શન કરવા ત્યાં આવ્યા. અને બિરાજમાન શ્રીહરિનો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. અને પછી શ્રીહરિની સ્તુતિ કરી સર્વના દેખતા અદ્રૃશ્ય થઈ ગયા ત્યારપછી શ્રીહરિ પૂર્વદિશાના ઓરડામાં મુનિજનો સહિત પોતાના આસને બેઠા. તેવામાં ત્યાં વડોદરાનિવાસી બાપુજીભાઈ નામે વણિક, પરમાણંદભાઈ વણિક અને છોટાલાલ નામે વિપ્ર આ ત્રણેય ભક્તો ત્યાં આવ્યા અને અનેક પ્રકારના ભોજનો બનાવરાવી શ્રીહરિને તૃપ્ત કર્યા. તેમજ સમગ્ર ભક્તોને મિષ્ટાન્નથી તૃપ્ત કર્યા પછી લીંબતરૂ નીચે બિરાજેલા શ્રીહરિ પાસે આવીને તે ભક્તજનોએ અતિકિંમતી એવા મણીઓ જડેલા સુવર્ણ ના અનેક આભુષણો ધરાવ્યા. તેમજ મુલ્યવાળાં સોનેરીતારેયુક્ત એવાં વસ્ત્રો ધારણ કરાવ્યાં ત્યારપછી ચંદન, પુષ્પ, પુષ્પોના હાર, ગજરા અને તોરાઓ પણ યથાસ્થાને પણ વસ્ત્ર અને ચંદન-પુષ્પાદિક ઉપચારથી પૂજા કરી. શ્રીહરિએ તે ભક્તજનોને અતિઆશ્ચર્યકારી પોતાનું દિવ્ય દર્શન આપી આનંદિત કર્યા હતા. ॥ ૨૧ ॥



શ્રીચૈતન્યાનંદ સ્વામી કહે છે કે હે રાજન્ ! તે કહેલું છે. તે કુવો શ્રીહરિની આજ્ઞાથી ગુજરાતનાં હરિભક્તો ખોદતા હતા. અને જ્યારે તેમાં જળ આવ્યું ત્યારે ખુશ ખુશ થયેલા ભક્તજનોએ તે કુવાનું પાણી લાવીને શ્રીહરિને સ્નાન કરાવ્યું. અને તે પ્રસાદીનું જળ તે કુવામાં નાખ્યું. તે વખતે મુર્તિમાન વરૂણદેવ શ્રીહરિના દર્શને આવ્યા હતા. અને સર્વભક્તો આશ્ચર્યપૂર્વક તે વરૂણદેવને જોવા લાગ્યા. ત્યારપછી શ્રીહરિની સ્તુતિ કરી સર્વના દેખતા અદ્રૃશ્ય થઈ ગયા. પછી દાદાખાચરે સુંદર પકવાનો બનાવરાવી શ્રીહરિ તથા સમગ્ર સંતસમાજને જમાડી તૃપ્ત કર્યા હતા. અને વળી

(વધુ આવતા અંકે)

# બ્રહ્મરાક્ષસ - ૧૨

સ. પુરાણી સ્વામી કૃષ્ણસેવાદાસજી - ગઢડા

**ગતાંકથી શરૂ :-**

પરવારી પુત્રની ભાળ કાઢતાં પુત્ર તેલની કોઠીમાં ડુબેલો જોઈ માતા મોહવિવશ બનીઃ 'હા ! પુત્ર ! હા ! પુત્ર !' કહી કોઠીમાં તેણે પણ ઝંપલાવ્યું. પુત્રપ્રેમથી અને પત્ની પરલોક સીધાવતાં જગત શુન્ય ભાસવા લાગ્યું બાળસાદ વિનાનું અને ગૃહિણી વિનાનું ઘર ગોજારૂં જણાવા લાગ્યું.

અંતે પંડિતજીનું પાંડિત્ય પણ કોરે મુકાણું. અને પોતે પણ મોહવશ બની તેલની કોઠીમાં પડતું મેલ્યું.

આ પ્રમાણે આત્મહત્યા કરી ત્રણે જણાં મરણ પામ્યાં. મરતાં મરતાં ગૃહવાસના રહી જવાથી મરનાર પંડિત બ્રહ્મરાક્ષસ-ગતિને પામ્યોઃ પોતાના મકાનમાં વિકરાળ બ્રહ્મ-રાક્ષસ થઈને રહ્યો આથી પોતાના મકાનમાં કોઈ ને રેવા દે નહિ, ઉતરવાદે નહી કોઈ રડયું ખડયું ભાગજોગે ઉતરવા પામે, તો સવારમાં જીવતો જવા પામે નહિ !

આવી સ્થિતી થતાં મકાનનું નામ ગામના લોકોએ ભુતિયું મકાન રાખ્યું : એ મકાનનું નામ પણ જો ભાગજોગે લેવામાં આવતું તો પણ સાંભળનારનું કાળજું ફફડતું જેથી આસપાસનો ભાગ ઉજ્જડ વેરાન થઈ ગયો હતો.

આસપાસ ભુંડોના ટોળાથી ભરેલા ખંડેરો વચ્ચે આજ ભુતયું મકાન અટુલુ અણીશુદ્ધ ઉભું હતું તેમાં રહેલા ઉપરોક્ત બ્રહ્મરાક્ષસે વિચાર કર્યોઃ ગામના આળવેતરા લોકોએ બ્રાહ્મણ કુમારને મારી પાસે ધકેલ્યો છે, સામેથી ચાલ્યો આવે છે, આશાભર્યો ભણવા આવે છે, માટે મારૂ વિકૃત રૂપ જોસે, તો બિચારો ફાટી પડશે; મારૂ નામ સાંભળીને આવ્યો છે : માટે અને ભણાવું. બાજંદો બનાવું સુપાત્ર સમજી વિદ્યાના ઓઘ ઠાલવું, એમ મનમાં નુર્ણય કરી પોતાની પાસે ભુતો હતા તેને કહ્યું :

' ભુતો, સૌ સાંભળો, જુવો, સામેથી પેલો કુમાર ભણવા સારૂ આવે છે; માટે તમે સૌ વિદ્યાર્થી બની જાવ, હું તમારો વિદ્યાગુરૂ બનુ છું.'

એમ કહેતા તમામ નાના નાના વિદ્યાર્થી બની ગયા, અને પોતે પણ શાલ, અને પાની સુધી ઢળકતું ચાર આંગળ પાટલી પાડેલું ધોતિયું પહેરી ગાદી તકીયા ઉપર બેસી ગયોઃ અને પંડિતે સુચના દીધીઃ

'જો કોઈ પણ ભુત આ બ્રહ્મણકુમારને બિવરાવશે કે પોતાનું મૂળ રૂપ બતાવશે, કે કોઈ તેને રંજાડશે, તો તેનો હુ જાન લઈશ' આવી કઠણ આજ્ઞા બ્રહ્મરાક્ષસે ભુતોને આપી દીધી.

આથી તે મકાન બેઘડીવારમાં નાનુ સરખુ શારદાનું મંદિર બની ગયું : વેદની ઘોષણાઓ થવા લાગી. ઉપનિષદ્‌ની ઋચાએ વિદ્યાર્થીઓના ગળામાં ગાજવા માંડીઃ પાણિનીના સુત્રો અને પતંજલિના ભાષ્યની પ્રક્રિયાઓની રેલમછેલ થવા માંડીઃ જાણે સરસ્વતી નદીનાં ઓસરતા નીર પાછાં ઉભરાવા માંડયા કે શું ! એમ સાક્ષાત જોનારને અનુભવ થાય!

(વધુ આવતા અંકે)

# પ્રેમીભક્ત મૂળજી ભાવસાર

રજુ - ગુણવંત એમ. ખાટસુરિયા-ગઢડા(સ્વા.)

(દયાનિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ કળિયુગમાં અવતરી પોતાના અશ્રિતોને અનેક કષ્ટોનુ નિવારણ કર્યું છે. કળિયુગમાં કોઈની પાસેથી દયાની ઝંખના કરવી સહેલી છે, પણ એ મેળવવી મુશ્કેલ છે. એવા એ સમયમાં સહજાનંદ સ્વામીએ ભડકે બળતા લોકજીવનને શિતળ કરે એવા ભરપુર અમી છાંટણા છાંટયા ! લોકજીવનને સુસંસ્કૃત કરીને ભગવાને એમના પરલોક ગમનનો હેતાળ માર્ગોના પથિક બનીવી દીધા; અને એ માર્ગોમાં પોતાનું પ્રત્યક્ષપણું પ્રવર્તાવીને જીવન કૃતાર્થ કર્યા. એવા જીવોમાના એક હતા પરમ ભગવદીય મૂળજી ભાવસાર

નાનુ સરખું સૌરાષ્ટ્ર દેશનું ગઢડાની તદન પાસે આવેલું એક ગામ નામ તેનું ગઢાળી. આપણા સંપ્રદાયમાં એ ગામના નામને મહિમાં ઘણો ઘણો, આંબા શેઠને લઈને. તે ગામના ભક્ત મૂળજી ભાવસારની પાંચમી પેઢીએ શ્રી ગુણવંતભાઈ ખાટસુરિયા નામના શિક્ષક વ્યવસાયને વરેલા હરિભક્તે પોતાના વડવાઓની વાત આ પ્રસંગમાં જીવંત કરી છે. પોતે જે કુળમાં જન્મ્યા છે તે કુળમાં આવા મહામોટા શ્રીજી મહારાજની ભક્ત થઈ ગયા છે. અને એ આત્મીયતાને બળે પ્રસંગને સારી રીતે નિરૂપી શક્યા છે. આપણાં સત્સંગમાં પોતાના પૂર્વજોની સ્મૃતિને આ રીતે અંજલિરૂપે શબ્દબધ્ધ કરવામાં આવે તો તે આવકાર્ય છે. શાસ્રાધારે આલેખાયેલો આ પ્રસંગ દરેકને પ્રેરણા પ્રદ છે, શાંતિપ્રદ છે. અને શ્રીજી મહારાજને તો માત્ર અંતરના ભાવથી જ પ્રસન્ન કરી શકાય, બીજા બધા સાધનો ગૌણ છે, એ વાત પણ આ પ્રસંગમાં ગૌરવ ભેર ગુંફીત થઈ છે. જે સૌને ગમશે )

શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશ આપતા ગીતામાં કહ્યું છે કે “હે અર્જુન ! જયારે જયારે ધર્મની પડતી થાય છે અને અધર્મનું જોર વધે છે ત્યારે ત્યારે આ પૃથ્વી પર હું જન્મ ધારણ કરું છું અને પાપીઓનો નાશ કરી ધર્મનું રક્ષણ કરું છું” એ સમયે એટલે કે સહજાનંદ સ્વામીનૌ જન્મ વખતે ભારતની સ્થિતી કંઈક આવી જ હતી. ધર્મ એ શું છે ? એ વાત લોકો ભુલી ગયા હતા. સર્વત્ર ઈર્ષા, અદેખાઈ, વેર–ઝેર, કુસંપ,કુરિવાજો, અંધશ્રધ્ધા, વહેમ અને અત્યાચારથી સંસાર સળગી રહ્યો હતો. ઈશ્વરને જન્મ ધારણ કરવો પડે તેવો સમય હવે પાકી ગયો હતો. અને પથ ભુલેલા પથિકને યોગ્ય રાહ બતાવવા સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ થયો.

ઉગ્ર દેહ દમન બાદ ધર્મના ઉપદેશ માટે વન વિહાર કરતા કરતા સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ ઉત્તર–દક્ષિણ ભારત ફરીને સૌરાષ્ટ્રના નાના એવા કુકડ ગામે આવ્યા ત્યાંથી પગપાળા ચાલીને હાલના તળાજા તાલુકાના દિહોર ગામમાં પધાર્યા નાનકડું ગામ હતું. ત્યાં કોઈ હરિભક્તનું ઘર નહોતું. એટલે શ્રીજીએ તો ગામના ચોરામાં ઉતારો કર્યો. અદ્‌ભુત ઐશ્વર્યથી અને અમૃતનીતરતી પ્રેમભરી વાણી થોડી વારમાં જ ગામના આબાલવૃધ્ધ સૌના મન જીતી લીધા. ગામમાં આ અલૌકિક પુરુષની વાક ફેલાતા સૌ તેમના દર્શન કરવા અને ઉપદેશ સાંભળવા એકઠા થયા.

એક પથ્થર પર બેસીને શ્રીહરિ ગામના લોકોને ભક્તિના મહિમાનો ઉપદેશ આપતા કહેવા લાગ્યાં,“આ સંસારની માયા તો સાવ

જુઠ્ઠી છે. સંસાર સ્વપ્ન જેવો છે. માટે આ લોકમાં તો ઈશ્વર ભક્તિ એજ સાચી વાત છે બાકી બીજું બધું મિથ્યા છે. જેમ સ્વપ્નમાં આપણને ઘણું બધું ધન મળે છે, ત્યારે જીવ ખુબ રાજી થઈ જાય છે. અને તેને જ સર્વસ્વ માને છે. પણ સ્વપ્ન ચાલ્યુ જાતા જ એ ધન–વૈભવ પણ લુપ્ત થઈ જાય છે. અને મન દુ:ખ પામે છે. તેવું જ આપણા સૌનું આ જીવન છે. સંસારનું સુખ એજ સાચુ સુખ છે. એ મિથ્યા વાત જાણીને પ્રાણી ધણાં પાપો કરે છે. પરંતુ સુખતો સ્વપ્ન જેમ ક્ષણમાં નારા પામે છે, પણ આ હાથે કરેલા કર્મોનો કદી નાશ થતો નથી. માટે હે પ્રાણી, કયારેય પણ પાપ ન કરવું અને નિર્મળ મનથી ઈશ્વરની ભક્તિ કરે છે, તેના પાગમાં મૂક્તિ આળોટી પડે છે માટે ભક્તિ એ જ આ સંસારમાં શ્રેષ્ટ મૂક્તિ માટેનું સાધ છે !"

શ્રી હરિનો ઉપદેશ સાંભળી સૌ પોતપોતાના ઘર તરફ જવા લાગ્યા એ શ્રોતાગણમાં એક બાજુ ભાવસાર જ્ઞાતિની એક વિવેકી બાઈ પોતાના મૂળજી નામના છોકરા સાથે ઉભી હતી. તે વિચારતી હતી કે આ તપસ્વી ભુખ્યા હશે. પાસે જઈને શ્રીજીને ભોજન લેવાની વિનંતી કરી. અને થોડી જ વારમાં સ્વચ્છ પાણીનું બેડું માથે લઈ તથા મૂળજીના હાથમાં સીધુ આપીને ભોજન માટેની તમામ સગવડ તેણે કરી આપી શ્રીજીએ રાંધીને ઠાકોર જમાડી પ્રસાદી આરોગી અને તેના ઘેર પ્રસાદ પહોંચાડ્યો. ઘરે જઈ મા–દિકરો બન્ને જમ્યા પ્રભુના હાથનો બનાવેલ પ્રસાદ આરોગવો એ પણ જો અહોભાગ્ય હોય તો જ પામી શકાય દેવોને પણ દુર્લભ હોય તેવી તક આજે તેમને સાંપડી "આહાર એવો ઓડકાર" એ કહેવત મુજબ મા–બાળક બન્ને એ મનમાં દ્રઢ કર્યું કે આ કોઈ સામાન્ય સંત નથી પણ પૂર્ણ પુરૂષોત્તમ પ્રગટ પ્રભુ પોતે જ છે; જે મનુષ્યદેહે અલૌકિક લીલાઓ સહિત મનુષ્યોદ્ધારા અર્થ પરિભ્રમણ કરી કહ્યા છે. આ જે તો ઘર બેઠા ગંગા છે. તેનો લાભ શા માટે જતો કરવો ?

સાંજના મૂળજી સાથે માએ કહેવરાવ્યું કે."પ્રભુ ! આપને પોઢવા માટે પલંગની વ્યવસ્થા કરું કે કેમ ? " ત્યારે ગ્રામજનોથી વીંટળાયેલા પ્રભુ ત્યાગીના ધર્મ અંગે સ્મિત સાથે કહેવા લાગ્યાં,"હે સુભક્તો ! જેઓ સંસારથી મુક્ત થયા છે. જેણે સંસારના સુખોને ત્યાજય ગણ્યા છે. તેઓ ત્યાગી થયા પછી સંસારના સુખોની ઈચ્છા રાખતા નથી. એટલે એવા ત્યાગી પલંગી પલંગે પોઢતા નથી. શરીરમાં કષ્ટ આવે કે માંદગી આવે ત્યારે ન છુટકે તે પલંગનો ઉપયોગ કરે છે. પરંતુ જોગી થઈને પણ સંસારના જે સુખો ભોગવે છે તેઓ જોગી થયાનું ફળ ગુમાવે છે. માટે અસંત છે તેને દુ:ખોનો અંત આવતો જ નથી. ભરત જોગી થઈને જેમ વરત્યા તેમ બીજાએ ન વર્તવું જોઈએ ગૃહસ્થની જેમ જે વર્તે છે તેનું વ્રત વ્યર્થ જાય છે. જેણે સંસારનું સુખ છોડ્યું છે તેણે ફરીને તે સુખોમાં ચિત્તને જોડવું જોઈએ નહીં માન–અપમાને કરીને પણ જો દુ:ખ થાય તો તે સાચો ત્યાગી ન ગણાય અને ત્યાગી જો વૃધ્ધ કે અશકત હોય તો જ તેણે વાહનમાં બેસવું જોઈએ સશક્ત ત્યાગીએ પગે ચાલીને ફરતા રહી સૌના કલ્યાણના વાસ્તે ભક્તિનો પ્રચાર કરવો જોઈએ."

શ્રીહરિના હાથનો બનાવેલો પ્રસાદ જેણે આરોગ્યો છે અને જેનું ચિત્ત નાનપણથી જ જ્ઞાન–

ભક્તિ તરફ ખેંચાયેલું છે. તેવા મૂળજી ભક્ત જયારે યુવાન થયા ત્યારે તેમણે સંતોના સાનિધ્યામાં રહી બને તેટલું જ્ઞાનરૂપી દાન મેળવ્યું એટલે તેઓ જ્ઞાનવાન ભક્ત બન્યા. તેમને જે જે સારી વસ્તુ પ્રાપ્ત થાય તે “પ્રભુને ભેટ કરવા જેવી છે !” એવો વિચાર આવતો અને શ્રીહરિને ભેટ કર્યા પછી જ તેમને શાંતિ થતી.

એક વખત મૂળજી ભક્ત દિહોરથી ચાલતા ગઢપુર આવવા નીકળ્યા. રસ્તામાં તેમણે એક સુંદર આંબા પર પાકી ગયેલી કેરીઓ પવનની પાંખે વૃક્ષ પર હીંચકા ખાતી જોઈ. આવી સુંદર રસભરી કેરીઓ જોઈને તેઓ વિચારવા લાગ્યા, “ આવી કેરીઓ તો પ્રભુ ને જ ભેટ ધરાય !” અને તેઓ તુરત આંબાના રખેવાળ પાસે પહોંચયા. રખેવાળને રૂપાની એક મહોર આપીને મોંઘામાં મોંઘી કેરીઓ લઈ લીધી.

ગઢપુર પહોંચ્યા ત્યારે સ્વામી શ્રી સહજાનંદ મહારાજ દાદાખાચર આદિ ભક્તો અને મહાન સંતોથી વીંટળાયેલા હતા. પાસે જઈ, નમસ્કાર કરીને તેમણે બધી કેરીઓ મહારજને ભેટ ધરી દીધી.

દાદા ખાચર અને અન્ય સંતો હરિભક્તો કેરીઓ જોઈને ખૂબ વખાણ કરવા લાગ્યા. મૂળજી ભક્તનો ભાવ જોઈ શ્રીહરિ ખુબ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા,“મૂળજી ભક્ત, તમે જે માગો તે આપું” ત્યારે બે હાથ જોડી મસ્તક નમાવી નમ્રતાથી મૂળજી ભક્ત બોલ્યાં,“હે પ્રભુ ! જયાં સુધી આ કેરીઓ રહે ત્યાં સુધી સૌ સંતો–હરિભક્તો સાથે આપ જમો એ જ માગું છું.” મૂળજી ભક્તનો આવો પ્રેમ જોઈ સૌ સાથે બેસીને કેરીઓ ખાવા લાગ્યા. રામે શબરીના બોર અને વિદુરજીની ભાજી જેવા પ્રેમથી જમ્યા તેવા પ્રેમથી કેરીઓ ખાવા લાગ્યા. સર્વ વસ્તુના કર્તા હર્તા અને નિયંતા શ્રીહરિ પોતે હોવા છતા ભક્તને આનંદ આપવા કેરીઓ ચાલી ત્યાં સુધી મૂળજી ભક્તના પ્રેમના ભારોભાર વખાણ કરતાં મૂળજી ભક્ત કેવા ભાવનાવાળા ઉત્તમ હતા તેનો એક બીજો પ્રસંગ જોઈએ.

એ સમયે દિહોરના ચોફાળ ખુબ વખણાતા. ત્યાના વણકરો બોરીના ચોફાળ ખુબ સારા વણતા મૂળજી ભક્તને થયું કે ચાલો હું પણ શ્રીહરિ માટે છેડે સોનાના તાર મુકાવી એક સારો ચોફાળ વણાવું ! અને પછી ગઢપુર જઈને મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને ઓઢાડું. શ્રીહરિને ચોફાળ ઓઢાડ્યા પછી નિહાળવાની તેમની પ્રબળ ઈચ્છા હતી. એવી મૂર્તિને પછી હંમેશા મારા હૃદયમાં ઉતારી દઉં કે કયારેય પણ ભુલાય જ નહી ! એવું વિચારી ગામના સારામાં સારા ચોફાળ વણનાર વણકર પાસે ગયા. અને કહ્યું.“મને એક સુંદર મજાનો ચોફાળ વણીઆપો તમારામાં હોય તેટલી ચતુરાઈ અને કારીગીરી કરીને, સારામાં સારૂં સુતર વાપરી, છેડે કંચન અને કસબ મૂકી, કોઈ પણ પ્રકારની ખામી કે ઉણપ ન રહે તેવો એક ચોફાળ વણી આપો તમે કહેશો તેનાથી વધારે પૈસા આપીશ. કારણ કે રાજાઓના પણ રાજા એવા શ્રી સ્વામિનરાયણ ભગવાનને એ ચોફાળ ભેટ આપવાનો છે. તેનું મને ઈનામ મળશે તેમાંથી અડ્ધો ભાગ આપીશ. એ ઈનામ ખાતા ખુચતું નથી, કોઈ ચોર કે લુંટારા તેને લુંટી શકતા

નથી.” એમ રહી સર્વ વાત મૂળજી ભક્તે વણકરને કહી અને એવો એક ચોફાળ વણાવ્યો.

ચોફાળ તૈયાર થયા પછી તે લઈને મૂળજી ભક્ત ગઢપુર આવ્યા જે દિવસે તેઓ ગઢપુર આવ્યા તે દિવસે ગઢપુરમાં સમૈયો હતો. એટલે હજારો સંતો–હરિભક્તો ભેગા થયા હતા. શ્રીહરિ સભામાં બિરાજયા હતા. મૂળજી ભક્ત ત્યાં જઈ અતિ ઉમંગથી પૂજા કરીને શ્રીહરિને ચોફાળ ઓઢાડ્યો પછી આરતી ઉતારીને એ છબી મનમાં ધારી લીધી ગદ્દગદ્દ કંઠે શ્રીહરિની સ્તુતિ કરતા જાય છે અને નેત્રોમાંથી પ્રેમાશ્રુની અમીધારાઓ વહી જાય છે. સભામાં બેઠેલા સૌ મૂળજી ભક્તનો ભાવ નિહાળી રહ્યા.

સભામાં બેઠેલા રાણા અને રાજાઓ આનો સુંદર ચોફાળ જોઈ ખુબ નવાઈ પામી ગયા. તેઓ મનોમન વિચારવા લાગ્યા “આવો અલૌકિક અને અદ્ભુત ચોફાળ કોણે વણ્યો હશે ! કે એ સ્વર્ગમાંથી આવ્યો છે ? કારણકે મૃત્યુ લોકમાં આવો ચોફાળ વણનાર વણકર કોઈ હોયજ નહી આ ચોફાળની શોભા જોઈને કોઈ શાલ કે દુશાલના વખાણ કરે તે તો ખરેખર મૂર્ખ છે.”

સુંદર ચોફાળ અને મૂળજી ભક્તનો નિ:સ્વાર્થ પ્રેમ જોઈને શ્રીહરિ ખુબ આનંદ પામ્યા. એ વખતે પ્રભુએ મૂળજી ભક્તનો દિવ્ય અને અલૌકિક સ્વરૂપનું દર્શન કરાવ્યું જે હજારો સુર્ય, ચંદ્ર પ્રકાશતા જોયા તે રૂપને મૂળજી ભક્ત અનિમિષ નેત્રે અને ગદ્ગદ્ કંઠે ભાવ ધરીને જોવા લાગ્યા અક્ષરધામમાં જેવી અલૌકિક મૂર્તિ જોવા મળે તેવી તેજસ્વી દિવ્ય મુર્તિ તેમને જોવા મળી. આવું સ્વરૂપ તેમણે બે ઘડી સુધી નિહાળ્યું પછી હંતુ તેવું સ્વરૂપ તેઓએ જોયું

આવા દિવ્ય સ્વરૂપનૌ દર્શન કરી મૂળજી ભક્ત ધન્ય ધન્ય બની ગયા. હવે તેમને કશી એષણા રહી નહીં. બચપણથી જે સ્વરૂપ જોવા તેઓ ઈચ્છતા હતા તે સ્વરૂપ તેઓએ બે ઘડી સુધી ધરાઈને નિહાળ્યું અને પોતાનો જન્મ સુધાર્યો આમ સર્વોપરી શ્રીહરિ દિવ્ય ચરિત્રો બતાવી પોતાના ભક્તની ઈચ્છી પૂર્ણ કરે છે તેથી જ ભક્ત કવિ નરસીંહ મહેતાએ પોતાના એક પદમાં ગાયું છે કે **“ભરતખંડ ભુતળમાં જન્મી, જેણે ગોવિંદંના ગુણ ગાયારે; ધન્ય ધન્ય એના માતા–પિતાને, સફળ કરી એણે કાયારે...!”**

### (અનુ સધાન પાના નં.૧૨નું શરૂ)

રાણીનો દિકરો ગાદી પર બેઠો થોડો સમય વીત્યા બાદ રામબાઈએ એને કહેવડાવ્યું કે ‘હવે મારે મારા પિયરમાં રહી ખુદાની બંદગી કરવાનો વિચાર છે તો મારે માટે જવાની વ્યવસ્થા કરો’

નવા રાજાએ પોતાની માતા સમાન પુજય રામબાઈને રાજી થઈને રજા આપી માલમિલક્ત અને રસાલા રામબાઈ પાછા કંથકોટ આવ્યા અને પછી જમ્યાં.

સુમરાને ત્યાંથી પોતાને મળેલી મિલક્તમાંથી મહારાજ માટે સારાં સારાં અલંકારો અને વસ્ત્રો તૈયાર કરાવ્યાં અને વરસાદની જેમ રાહ જોવા લાગ્યાં કે કયારે મહારાજ કંથકોટ પધારે અને કયારે હું એમની પુજા કરૂં

॥ શ્રી હરિ ॥

# ભુખ ભાંગી ભૂધરે"

એ.ડી. સાવલીયા પીઠવડી

એક વખત કચ્છની ધરાને પાવન કરતા ભગવાન શ્રીહરિ કંથકોટ પધાર્યા ગામને ચોરે સભા કરી શ્રીહરિ ની મૂર્તિના દર્શન કરતા ગામલોકોને અંવરમાં અદભુત શાંતિ થઈ ચુંબકવી લોઢું ખેચાય તેમ શ્રીહરિની મૂર્તિના મનુષ્યોની મનોવૃત્તિઓ ખેચાવા લાગી અવિનાશી મુખમાથી અમૃતની એલી જેવા ઉપદેશના વચનો સાંભળતાં અંતરમાં આનંદના ઓધા ઉછળ્યા

કંથકોટમાં મૂળજી ઠક્કર અને કચરાભગત તો શ્રીહરિના અન્ય ભક્ત હતા જ બીજા પણ ઘણા લોકો શ્રીહરિને શરણે જઈને સત્સંગી થયા ગામ ધણી દરબાર સંગરામજી અને એમના દીકરી રામબાઈ પણ શ્રીહરિના અશ્રિત થયા

કુશળ કારીગર જેન શિલ્પ કંટારે તેમ શ્રીહરિના વચનામૃતોથી અનેક ભક્તની ભાત્યુ ઉપસી આવી.

તેમાં પણ રામબાઈ તો પુર્વના મુમુક્ષુ જીવ હતાં શ્રીહરિનાં દર્શન કરતાની સાથે જ તેના પૂર્વના સંસ્કારો જાગી ગયા અને મનનો મયુર મત બનીને હડુકી ઉડ્યો

"પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જયારે,
સ્વામિનારાયણ મળિયા રે ત્યારે,"

મન મહારાજની મૂર્તિમાં જોડાઈ ગયું પછી તો દિવસે દિવસે સત્સંગ અતિ કઢ થતો ગયો

રામબાઈ જેન જેમ જેમ સત્સંગ કરતા ગયા તેમ તેમ મહારાજનો મહિમાં સમજાતો ગયો ને શ્રીહરિ સર્વ અવતાર ના અવતારી પૂર્વ પુરૂષોત્તમ નારાયણ છે ભગવાનના અંખડ સુખે સુખીયાં થયેલા રામબાઈને જગતમાં પંચ વિષયનાં સુખ ઝેર સમાન થઈ ગયાં મહારાજની મૂર્તિ વિના પુરુષ માત્ર દીઠા ગમે નહિ તેવો સહજ વૈરાગ્ય જાગૃત થયો.

અખંડ ભજનમાં જીવનની ભણો વિતવા લાગી સૂર્યનો ઉદય અસ્ત થયા જ કરે છે કોઈના દિવસો એક સરખા જતા નથી તેમાં પણ ભક્તનું જીવન તો પળે પળે પરીક્ષાથી ભરપુર હોય છે.

પ્રથમ પેલું મસ્તક મુકી વળતાં લેવું નામ જોને હરિનો મારગ છે શુરાનો નહી કાયરનું કામ જોને

રામબાઈના જીવનમાં કપરી કસોટીનો સમય શરૂ થયો કસોટી નો આવે પરંતુ તે કસોટીમાં ભક્ત તો કુંદન બનીને જ બહાર આવે છે ઈતિહાસ સાક્ષી છે આકરી પળોમાં અવિનાસીએ પોતાને અનન્ય ભક્તોની રક્ષા કરી છે તે તેનું બિરૂદ છે સત્સંગ થયા પહેલા સંગરામજી દરબારે રાજય મુસલમાન રાજા સાથે કરેલી

રામબાઈ જેમ જેમ મોટા થયા તેમ તેમ દરબારની મુંજવણ વધવા લાગી રામબાઈને આ વાતની ખબર પડી એટલે એમની ચિંતાનો પણ પાર ન રહ્યો એમણે મનોમન દ્રઢ નિશ્ચય કર્યો કે 'પરણું તો વર પુરૂષોત્તમ પરણું, નહીતો કુંવારી મરૂં.'

અફીણ ઘોળીને મરૂં પણ યવનને ન જ પરણું સંગરામજીને સિંધના સુમરાની ચિંતા સતાવી રહી છે કોઈ રસ્તો સુજતો નથી પરણાવે તો

દિકરીનું જીવન બરબાદ થઈ જાય ને ન પરણાવે તો અનેક નિર્દોષ જીવોનાં લોહી રેડાય અજ્ઞાન દશામાં પોતાની થયેલી ભુલની આંટીઘુંટીમાંથી વહાર નીકળવાનો રસ્તો મળતો નથી.

ડાહી દિકરી રામબાઈ બારની મુંઝવણ બરાવર સમજે છે . એક દિવસ એણે અફીણ ધોળી આત્મહત્યા કરવાનો સંકલ્પ કર્યો એકાંત ઓરડીમાં બેસી અફીણનો કસુંબો તૈયાર કર્યો શ્રીહરિનું સ્મરણ કરી ધર્મની વેદી ઉપર પોતાના જીવની આહુતી આપી દેવા બાઈ તૈયાર થયાં હળાહળ વિષ ભરેલો આ વાટકો જેવો મોઢે માંડવાં જાય છે ત્યાં તો ઓરડામાં પ્રકાશના પુંજ પથરાયા હ..હ... કરતા પ્રકાશના પ્રગટેલા શ્રીહરિ એ દોડીને હાથ પકડી લીધો માંજયા મીઠો ઠપકો દેવા.

અરે ગાંડી ! આ શું કરે છે ? તને ખબર નથી આત્મહત્યા એ મોટું પાપ છે મહારાજને જોતાં રામબાઈ રોઈ પડ્યાં મહારાજના પગ પકડી લીધા અને બોલ્યાં મહારાજ ! શું કરૂં ? આપ અંતર્યામી છો બધું જાણો છો. મુઝવણમાં મને આ સિવાય બીજો માર્ગ દેખાણો નહિ મુસલમાનને ઘેર મારા દિવસો કેમ જાય ? મહારાજ મુસલમાન ને પરણવા કરતા તો મરવાનું વધુ પસંદ કરૂં છું.

મંદ મંદ હસીને મહારજ બોલ્યા દીકરી તારી ધર્મ નિષ્ઠાને ધન્ય હો તં શાંત થા અમારી વાત સાંભળ અને અમે કહીએ તેમ કર

બોલો મહારાજ શું હુકમ છે મહારાજ કહે દીકરી તારે હવે મરવાનું નથી તેમજ સગપણ ફોક કરવાનું નથી રામબાઈ કહે તો મહારાજ મારે શું કરવું ? મહારજ કહે જો રામબાઈ તને તેડવા માટે સુમરાનું વૈલડુ આવશે તું આનંદથી એમાં બેસી જજે તારા શીતની રક્ષા અમે કરીશું તું જરાપણ ચિંતા કરીશ નહી. દીકરી, તારી લાજ હવે મારા હાથમાં સુરક્ષિત છે માટે મુંજાઈ શમાં હરપળે અમે અંતર્યામી પણે તારી રક્ષામાં હાજર રહેશું સિંધનો સુમરો તને કોઈ નુકશાન નહી કરી શકે ઉલ્ટાનો તારી પુંજા કરશે તે મુસલમાન રાજા પાક અને નેક દિલનો છે તારા પ્રસંગથી એ વધુ પવિત્ર બનશે.

વળી મહારાજે રામબાઈને માથે હાથ મુકી કહ્યું દીકરી તું જયારે વેલડામાં બેસીસ ત્યારેથી તને ભુખ તરસ નહી લાગે જા આ મારૂં વરદાન તને કરિયાવરમાં આપુ છું મહારાજની કરૂણાનો વરસાદ થયો રામબાઈ અહોભાવથી મહારાજને નિરખી રહ્યાં અને આંખોમાંથી આનંદના અશ્રુઓ ટપકવા લાગ્યાં. કેંઈક કહેવા જાય છે ત્યાં તો મરમાળો માવ છોગાળો અદશ્ય થઈ ગયાં.

રામબાઈએ આખો પ્રસંગ દરબાર સંગરામજીને કહ્યો બાપુપણ વાત સાંભળી ગદ્ ગદ્ થઈ ગયાં. મનોમન મહારાજને વંદી રહ્યા અમારી લાજ રાખવા મહારાજ પધાર્યા ખરા પહુનામી આપે આપના બિરૂદને આજે સાર્થક કર્યુ.

થોડો સમય બાદ મુસલમાન રાજાને ત્યાંથી રામબાઈ તેડવા વેલડું અવ્યું સાથે રાજાનો કારભારી થોડા અંગરક્ષકો ધોડા ઉંટ ગાડા વગેરે લઈને આવ્યા બે દિવસ રોકાયા બાપુ એ હૈયામાં હિંમત સાથે દિકરીને વિદાય આપી રામબાઈ વેલમાં બેઠા રાજાના કામદારે બાપુને કહ્યું બાપુ રાજાએ કહેવ ડાવ્યું છે આપની દીકરીને અમે કોઈ તકલીફ પંડવા નહિ દઈએ તમે ચિંતા કરશો નહિ હા એક વાત છે, એની રસોઈ કરવા માટે એક સારા બ્રાહ્મણને સાથે લેતા આવજો એમ

આજ્ઞા કરી છે.

આ સાંભળી બાપુ કાંઈ જવાબ આપે તે પહેલા તો રામબાઈ બોલી ઉઠયાં, 'કારભારી, કોઈને સાથે લેવાની જરૂર નથી મારી બધી જ વ્યવસ્થા થઈ ચુકી છે તમે રસાલો આગળ ચલાવો.' રામબાઈ સિંધ ભણી રવાના થયાં. રસ્તામાં કોઈક ગામ આવ્યું બધા ટીમણ કરવા તૈયાર થયા. કારભારીએ રામબાઈને ટીમણ કરવા માટે પૂછ્યું રામબાઈ કહે, 'મારે ટીમણની જરૂર નથી આખો દિવસ એમને એમ પસાર થયો રામબાઈ અખંડ ભજન કરતા રહે છે નથી ખાતાં, નથી પીતાં

બીજે દિવસે પણ રામબાઈએ પાધા-પીધા વગર પસાર કર્યો. કારભારી વારંવાર જમવાનો આગ્રહ કરે છે એના મનમાં ચિંતા છે લાંબી મુસાફરી છે આ બાઈ ખાધા-પિધા વિના શું કરશે ? એને કંઈ થશે તો આપણે રાજાને શું જવાબ દેશું ? ત્રીજે દિવસે કારભારીએ હાથ જોડ્યા,'બહેન ! તમે શા માટે જમતાં નથી ? તમને જો અમારી રસોઈ ન ફાવે તો હાથે રસોઈ કરો હું હમણાજ બધી તૈયારી કરી આપું પણ તમે થોડું જમો અમને તમારી ચિંતા થાય છે.

રામબાઈ કહે ભાઈ ! જુઓ ત્રણ દિવસથી જો ભોજન લીધું નથી છતાં મારી સ્ફૂર્તિ એવીને એવી છે કોઈ તકલીફ નથી ઉલ્ટાનો વધુ આનંદ છે તમે મારી ચિંતા કરશો નહિ મને કાંઈ નહિ થાય મને મારા ખુદાનું વરદાન છે તેથી મને ભુખ અને તરસ લાગતાં નથી

આખો રસાલો રામબાઈની વાત સાંભળી આશ્ચયથક્તિ થઈ ગયો કઈકને રામબાઈની તેજસ્વી મુતિને જોઈને અહોભાવ જાગ્યો ચંદનની સુવાસ આવળ બાવળ અને બોરડીને પણ સુવાસિન કરી દે છે રામબાઈના પવિત્ર સાનિધ્યમાં રસાલાના માણસોના મન પણ નિર્મળ બની ગયાં

કેટલેક દિવસે સિંધ પહોચ્યા કારભારીએ અને રાજ સેવકોએ રાજાની પાસે રસ્તાની બધી હકીકત જણાવી આ સાંભળી રાજા તો આભો જબની ગયો અને બોલી ઉઠ્યો 'કારભારી ! શું વાત કરો છો? એ બાઈએ આટલા દિવસથી અન્નપાણી લીધા નથી છતાં એની સુસ્તી એવીને એવી ન કહેવાય મારે હમણાંજ અને મળવું જોઈએ

સુમરાએ જનાન ખાનામાં પ્રવેશ કર્યો અને સોળે સણગાર સજેલી રામબાઈ સાથે દષ્ટિ કરી ત્યાં તો રામબાઈના મુખાર્વિદમાંથી નીકળતા તેજના કિરણોથી સુમરાની આંખો અંજાઈ ગઈ કોઈ અદભુત ચમત્કાર સર્જાયો સુમરો કોઈ અંદશ્ય શક્તિથી ખેંચાતો હોય તેમ રામબાઈના ચરણોમાં જુકી પડ્યો ॥ દેવી ! અમને ક્ષમા કરજો અમે તમને અહી લાવવામાં ભુલ કરી છે પણ તમે મારા માટે આજથી મા બેન અને દીકરી સમાન છો તમે જરાપણ કોચવાશો નહિ તમારા માટે અહીં રહેવાની બધી જ અલગ વ્યવસ્થા હું કરીશ આપે તો મારા રાજને પાવન કર્યું

શ્રીહરિની કોઈ અલૌકિક પ્રેરણા થી બની રહેલી આ અદભુત ધટનાને નીરખતાં રામબાઈનો આનંદનો પાર ન રહ્યો એ મહારાજને મનોમન વંદી રહ્યાં 'વાહ પ્રભુ ! તમે મારી લાજ રાખી ખરી'

પછી તો રાજાએ રામબાઈને રહેવા માટે બધી જ વ્યવસ્થા કરી દિવસો પસાર થવા વાગ્યા રામબાઈ રાજયભરમાં અનાજ નહીં જમનારી પવિત્ર દેવી તરીકે પુજાવા લાગ્યા ઈશ્વર ઈચ્છાથી છ મહિના બાદ રાજાનું મૃત્યું થયું રાજાની બીજા

(અનું સધાન પાના નં.૯ પર)

# વસંત પંચમી

-: લેખક:-
ડૉ.નેત્રપ્રસાદ કૃષ્ણપ્રસાદ દવે હેલ્થ કોર્ડોનેટર સમન્વય સંસ્થા-દેવગઢ બારીયા (પંચમહાલ)

મહાસુદ પાંચમને દિવસે વસંત પ્રવૃત્ત થાય છે વસંતનો ઉત્સવ એ નિસર્ગનો ઉત્સવ છે .સતત સુંદર લાગતી પ્રકૃતિ વસંત ઋતુમાં સોળે કળાએ ખીલી ઉઠે છે યૌવન  એ જો આપણા જીવનની વસંત હોય તો વસંત એ સૃષ્ટિનું ઔવન છે. મહર્ષિ વાલ્મિકિએ રામાયણમાં વસંતનું અકિ સુંદર અને મનોહારી ચિત્રણ કર્યું છે ભગવાન કૃષ્ણે પણ ગીતામાં "ઋતુનાં કુસુમાવાર :।"  કહીને ઋતુરાજ વસંતને પોતાની વિભુતિ તરીકે બિરદાવ્યો છે. કવિવર જયદેવ તો વસંતનું વર્ણન કરતા થાકતા જ નથી.

સતત આકર્ષક લાગતો નિસર્ગ વસંતઋતુમાં વધુ લોભામણો બને છે. પોતાના અનોખા સૌદર્ય થી તે માણસને પોતા કરફ ખેંચી લે છે પોતાનો દૃષ્ટિ બદલવાની જરૂર છે. માત્ર માણસે તે તરફ દૃષ્ટિપાત કરવાની ફુરસદ મેળવવી જોઈએ

માનવે પોતાની અસ્વસ્થ પ્રકૃતિને સ્વસ્થ બનાવવા માટે પ્રકૃતિનું સાંનિધ્ય સેવવું જોઈએ તિસર્ગમાં એક એવો અજબ જાદુ છે કે જે માનવને એની બધી વેદના ઓનું તત્કાલ પૂર્તુ વિસ્મરણ કરાવી દે છે જો એ નિસર્ગનું સાંનિધ્ય સતત ચાલું રહે તો એનો માનવજીવન ઉપર ખૂબ જ ઘેરો પ્રભાવ પડે છે અને તેની અસરો ચિરગામી બને છે.

નિસર્ગમાં સરલતા છે, સહજતા છે અને નિવપ્રાપતા છે નિસર્ગ જેવો છે તેવો જ દેખાય છે અને તેમાં જ એનું ગૌરવ છે દંભનો અંતળો ઓઢવો નિસર્ગને ગમતો નથી નિસર્ગમાં અહંશુન્યતા છે અને તેથી તે પ્રભુની વધારે પાશે છે. આ જ કારણથી નિસર્ગની। સાંનિધ્યમાં ગયા પછી આપણે પ્રભુની વધારે પાસે ગયા હોઈએ એવો અનુભવ ખાય છે નિસર્ગ અહંશુન્ય છે તેમજ કોઈના અહંકાર પોષતો પણ નથી ગમે તેવો મોટો રાજા મૃત્યુ પામે પણ તેના કારણે નિસર્ગના કોઈ જ સ્વાભાવિક વ્યવહારો અટકતા નથી ઝરણું તેટલાજ ઉત્સાહથી નાચતું હોય ચે, સહિતા તે જ અલ્ખલિત પ્રવાહથી વહેતી હોય છે, વાદળો એવી જ ગર્જના કરતાં હોય છે સૂર્ય–ચંદ્ર પોતાના એ જ નિયતક્રમ મુજબ ઉદય અસ્ત પામતા હોય છે.

નિસર્ગ સુખ દુ:ખના કંકોથી પર થે વસંત હો કે વર્ષા જુદા રૂપે પ્રભુનો હાથ સૃષ્ટિ પર ફરતો રહે છે અને સમગ્ર નિસર્ગ પ્રભુસ્પર્શ પામીને ખીલી ઉઠે છે. સૃષ્ટિ નિર્માતાનો હાથ ફરે તો સમગ્ર સૃષ્ટિ બદલાઈ જાય છે જીવનમાં પણ જો પ્રભુવે સ્પર્શ થાય પ્રભુનો હાથ ફરે તો આખું જીવન બદલાઈ જાય જીવનમાં વસંત ખીલી ઊઠે, જીવનનાં દુ:ખ દૈન્ય અને દારિદ્રય ક્ષણવા દુર થઈ જાય.

નિસર્ગના સાંનિધ્યથી માનવીના તનમાં સ્ફૂર્તિ મનમાં ઉલ્લાસ, બુધ્ધિમાં પ્રસજાતા અને હૃદયમાં ચેતના પ્રગટે છે ! સમગ્ર સૃષ્ટિ અને સુમઘુર લાગે છે ! સૃષ્ટિનું એ અનુપમ માધુયે નીરખવા માનવને કદાચ બે આંખ ઓછી પડતી હશે અને તેથી એ માઘુર્યને મનભર માણવાનો ઈચ્છાથી મનુષ્ય પરણીને બીજી બે આંખ પોતાની

(અનું સધાન પાના નં. ૧૬ પર)

# અક્ષર મુક્ત ભક્તરાજ દરબારશ્રી દાદાખાચરનું જીવન ચરિત્ર

એન.કે.વેકરીયા

પ્રગટ પરબ્રહ્મ ભગવાનશ્રી સ્વામિનારાયણે લોયામા ત્રીજા વચનામૃતમાં વાત કરી કે "અમારો સ્વભાવ કેવો હતો, તો ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય, પણવધુ નહિ એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો" ભગવાન શ્રી સ્વામિનારાયણ એવા અતિશય વૈરાગ્ય વાન હતા. છતાં પોતે ગઢડામા દાદાખાચરના દરબારમાં જીંદગી ભર, પોતાનું ઘર માનીને રહી ગયા ને કેમ ? શામાટે ? આનો પ્રત્યુતર પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતેજ આ વચના મૃતમાં જ આપતા કહે છે, " જેને ભગવાનનો અને સંતનો મહાત્મ્યજ્ઞાનને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે શું ન થાય ? અને કુટુંબનો ત્યાગ કરે, લોકલાજ નો ત્યાગ કરે, રાજયનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, અને સ્ત્રી હોય તે પુરૂષનો ત્યાગ કરે," એમ કરીને પછી આવા સર્વે હરિભક્તની વાર્તાઓ એક બીજા કહે કરી તેમાં ગઢપુરના ગામધણી દરબારદાદાખાચરની તો ભગવાને ભારોભાર પ્રસંશા કરી છે તેથી પોતે જીંદગી ભર તેમને ઘેર વસ્યા છે.

એક ગોદોહનમાત્ર પણ એક જગ્યાએ સ્થિર થઈને માંડ રહી શકે એવા મહા વૈરાગ્યવાન શ્રીહરિ પોતે ગઢડામાં દાદાખાચરના દરબારમાં, પોતાનું ઘર માનીને કાયમ વસી ગયા એનું કારણ બતાવતા ગઢડા મધ્યના ૩૩માં વચનામૃતમાં પોતેજ વધુ ખુલાસો કર્યો છે કે "અમે અહીં ટક્યા છીએ તે પણ અહીંયાના હરિભક્તોના અતિ નિષ્કામી વર્તમાનનો દ્રઢાવ દેખીને ટક્યા છીએ."

મહાન અનાદિ અક્ષર મુક્ત દાદાખાચર જગદમ્બા લક્ષ્મીનુ સ્વરૂપ મોટીબા અને સાક્ષાત રાધિકાજીના અંશો વતાર લાડુબા વગેરે કુટુંબીજનોની હૃદયપૂર્વક ની પ્રેમ લક્ષણભક્તિ અને આકરૂ નિષ્કામ વ્રત જોઈનેજ શ્રીહરિ ગઢપુરમાં દાદાખાચરના દરબાર માં પોતાનું ઘર માનીને કાયમ માટે વસી ગયા. શ્રીહરિ દેશ–વિદેશમાં સત્સંગ માટે ફરવા નીકળે પણ પોતે જયારે ગઢડા આવે ત્યારે કહે "હાશ હવે હું મારે ઘરે આવ્યો" આટલી બધી આત્મીયતા પોતે ગઢડા પ્રત્યે અને ભક્તરાજ દાદાખાચર સાથે કેળવી હતી. શ્રીહરિ પોતે વારંવાર કહેતા કે, "ગઢડું મારૂ ને હુ ગઢડાનો રેએતો કદિ નથી મટવાનો રે" દાદાખાચર માટે આવા પોતાપણા ના ઉદ્‌ગારો કાઢે ત્યારે આ ગઢડાની ભૂમિની અને ભક્તરાજ દાદાખાચરની મહતા કેટલી બધી હશે એ સમજી શકાય તેમ નથી જીંદગીભર પ્રેમના બંધનમાં ભગવાનને બાંધી રાખનાર આ દાદા કોણ હતા ? જીંદગી ભર ભગવાનને પોતાની ઘરતી માથેથી ચસકવા દેનાર દાદાખાચરની ભૂમિનો ઈતિહાસ શો છે.?

ગઢપુરની મહાપવિત્ર ભુમિપર વસનારા ગઢપુરના રાજવંશની અને ગઢપુરને આંગણે પરબ્રહ્મને કાયમ માટે રોકી પાડનાર મહાન અનાદિ અક્ષર મુક્ત દાદાખાચરે કયા કુળને પોતાની ભક્તિ ભાવે કરીને પાવન કર્યું તે બધુજ સાચા સત્સંગીએ જાણવું જોઈએ અનંત કોટિ જીવોના કલ્યાણના કેન્દ્ર સ્થાને બિરાજનાર અક્ષરધામ તુલ્ય ગઢપુર ધામ અને ગઢડાનાગામધણીના કુળની મહાપવિત્ર કુટુંબ ગાથા આપણે સમજવી જોઈએ આપણે આ અતિ મહાન કુળની ઐતિહાસિક પરંપરા ઉપર પ્રથમ

થોડી નજર નાખી જોઈએ.

ગઢડાના રહીશ અને શ્રીજી મહારાજના જ કારભારી હરજી ઠક્કર કે જેઓ દાદાખાચરનું કારભારૂ પણ કરતાતે હરજી ઠક્કરના જ પુત્ર મનજી ઠક્કરની દીકરી તેજબાઈ ના પૌત્ર મુળજી છગનલાલ પંજવાણી એ ગઢપુર દર્શન નામે પુસ્તક માં આ અતિ પવિત્ર ભુમિ ગઢપુરના અતિ પવિત્ર રાજવંશના ઈતિહાસ વર્ણવેલો છે જે પરમ પવિત્ર કુળમાં દાદાખાચર જેવા મહાન અક્ષર મુક્તનો જન્મ થયો તે પરમ પવિત્ર કુળની વાત આપણે અવશ્ય જાણવી જોઈએ ગઢપુર દર્શનના પ્રકરણ પાંચમાં આપણે આ પવિત્ર કુળ પરંપરાના દર્શન કરી શકીએ છીએ ગઢપુર ના અક્ષર મુક્ત દાદાખાચરના વડવાઓને સંક્ષીપ્ત ઈતિહાસ આપણે જોઈએ.

